| GJPM010041682025 | રજુ તારીખ : | ૦૫–૧૨–૨૦૨૫ | | |
|---|---|---|---|---|
| | કેસ નોધ્યા તારીખ : | ૦૫–૧૨–૨૦૨૫ | | |
| | કેસ ફેંસલ કર્યા તારીખ : | ૦૨–૦૪–૨૦૨૬ | | |
| | સમયગાળો : | વર્ષ | માસ | દિવસ |
| | | ૦૦ | ૦૩ | ૨૮ |

**Exh. 101**

**પંચમહાલ જિલ્લાનાં મે. સ્પે.કોર્ટ(પોકસો) અને ચોથી એડીશનલ સેશન્સ કોર્ટ સમક્ષ, મુ.ગોધરા,જિ.પંચમહાલ.**

**જજમેન્ટ તારીખ : ૦૨/૦૪/૨૦૨૬**

**સ્પે.કેસ (પોકસો)નં. ૬૬/૨૦૨૫**

મોરવા(હ) પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૪૮૨૫૦૬૩૫/૨૫

ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ),૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ– ૪,૬,૧૨,૧૭ મુજબ.

| | |
|---|---|
| Complainant | ગુજરાત રાજય |
| Represented by | વિ.એ.પી.પી. શ્રી એમ.કે.દેશમુખ |
| Accused | (૧) સંદીપભાઇ કાન્તીભાઇ જાતે ડામોર<br>ઉ.વ.–૨૧,<br>રહે. ડોળી, ઝાલા ફળિયું, તા. સંતરામપુર,<br>જિ. મહીસાગર<br>(૨) દીલીપભાઇ લાલાભાઇ જાતે ડામોર<br>ઉ.વ.– ૨૦,<br>રહે. ડોળી, ઝાલા ફળિયું, તા. સંતરામપુર,<br>જિ. મહીસાગર. |
| Represented by | આરોપીના વિ.વકીલ શ્રી  ટી.આર.પટેલ |

| | |
|---|---|
| Date of Offence | 29-05-2025 |
| Date of FIR | 02-09-2025 |
| Date of Charge sheet | 05-12-2025 |
| Date of Framing of Charges | 22-12-2025 |

| | |
|---|---|
| Date of commencement of evidence | 16-01-2026 |
| Date on which Judgment is reserved | 24-03-2026 |
| Date of the Judgment | 02-04-2026 |
| Date of the Sentencing Order, if any | -- |

## Accused Details

| Rank of the Acc-used | Name of Accu-sed | Date of Arrest | Date of Release on Bail | Offence charged with | Whether Acquitted or convicted | Sentence Imposed | Period of Deten-tion Under-gone during Trial for purpose of section 428, Cr.PC |
|---|---|---|---|---|---|---|---|
| (૧) | સંદીપભાઇ કાન્તીભાઇ જાતે ડામોર | ૨૩/૯/૨૫ | યુ.ટી.પી. | બી.એન. એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ), ૫૪ તથા પોકસો એકટ ની કલમ–૪,૬,૧૨,૧૭ મુજબ | Acquitted | -- | -- |
| (૨) | દીલીપભાઇ લાલાભાઇ જાતે ડામોર | ૨૩/૯/૨૫ | ૯/૧૦/૨૫ | '' | Acquitted | -- | -- |

## :: ચુકાદો ::

**૧.** ધી પોકસો એકટની જોગવાઇઓ તથા નામદાર સુપ્રિમ કોર્ટના ચુકાદાઓમાં પ્રસ્થાપિત સિધ્ધાંતને લક્ષમાં રાખી આ ચુકાદામાં ભોગબનનારના નામનો ઉલ્લેખ કરવામાં આવેલ નથી અને તેના નામની જગ્યાએ 'ભોગબનનાર' તરીકે ઉલ્લેખ કરેલ છે અને ભોગબનનારના સગાવહાલાના નામના સ્થાને ભોગબનનારના સંદર્ભમાં તેમનું સગપણ દર્શાવી તેમનો ઉલ્લેખ કરેલ છે.

**૨.** આરોપીઓ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨) (એમ) તથા ધી પ્રોટેકશન ઓફ ચિલ્ડ્રન ફ્રોમ સેકસુઅલ ઓફેન્સ એકટની (જેનો હવે પછી '' પોકસો એકટ '' તરીકે ઉલ્લેખ કરવામાં આવેલ છે) કલમ –૪, ૬, ૧૨, ૧૭ મુજબ શિક્ષાને પાત્ર ગુનામાં ઇન્સાફી કાર્યવાહીનો સામનો કરી રહેલા છે.

**૩.** ફરીયાદ પક્ષના કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આરોપી નં. ૧ સંદીપભાઇ કાન્તીભાઇ ડામોર, રહે.ડોળી ઝાલા ફળિયું, તા.સંતરામપુર, જિ.મહીસાગરનાઓએ સહ આરોપી દીલીપભાઇ લાલાભાઇ ડામોર, રહે. ડોળી ઝાલા ફળિયું, તા. સંતરામપુર, જિ. મહીસાગરનાઓની મદદગારીથી ભોગબનનારનાઓને સાગવાડા ગામેથી મોટર સાઇકલ નં. જી.જે. ૩૫ પી. ૫૫૫૦ ઉપર બેસાડી આરોપી દીલીપભાઇ લાલાભાઇ ડામોરનાઓએ મોટરસાયકલ ચલાવી ભોગબનનાર તથા આરોપી સંદીપભાઇ કાન્તીભાઇ ડામોરનાઓને સાગવાડાથી સંતરામપુર બસ સ્ટેન્ડ સુધી ભગાડવામાં મદદગારી કરી તેમજ આરોપી સંદીપભાઇ કાન્તીભાઇ ડામોરનાઓએ ભોગબનનારને સંતરામપુર થી રાજકોટ જિલ્લાના બલધોઇ ગામે અપહરણ કરી ભગાડી લઇ જઇ ભોગબનનાર સગીર વયની હોવાનુ જાણવા છતાં ભોગબનનારની સાથે અવાર નવાર શારીરીક સંભોગ બળાત્કાર કરી ગુનો કરેલો છે.

**૪.** ભોગબનનાર પિતાએ મોરવા(હ) પોલીસ સ્ટેશનના સત્તાધિકારી સમક્ષ આ ગુનાની જાહેરાત કરતાં સત્તાધિકારીએ મોરવા(હ) પો.સ્ટે. એ પાર્ટ ગુ.ર.નં.૧૧૨૦૭૦૪૮૨૫૦૬૩૫/૨૫ થી આરોપી સામે ગુનો નોંધેલો અને તપાસનીશ અધિકારીએ આ ગુનાની તપાસના અંતે હાલના આરોપી સામે સ્પેશ્યલ કોર્ટ, ગોધરામાં ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા જાતિય ગુનાઓ સામે બાળકોને રક્ષણ આપતા અધિનિયમની કલમ-૪, ૬, ૧૨, ૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનાનું ચાર્જશીટ રજુ કરેલું.

**૫.** આરોપીઓ હાજર થતાં આરોપીને પોલીસ તપાસના કાગળોની નકલો આપી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ-૨૪૯ અન્વયે બંને પક્ષને સાંભળી આંક-૮ થી આરોપી વિરૂધ્ધ ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ),૫૪ તથા પોકસો એકટની કલમ-૪, ૬, ૧૨, ૧૭ મુજબના ગુનાનું તહોમતનામું ફરમાવી, વાંચી, સંભળાવી, સમજાવતાં આરોપીએ ગુનાનો ઇન્કાર કરેલો અને તે મતલબની આરોપીની

પ્લી યાને નિવેદન આંક–૯ તથા આંક–૧૦ થી નોંધવામાં આવેલ અને સદર કેસ ફરીયાદ પક્ષના પુરાવો રજુ કરવા માટે રાખવામાં આવેલો.

**૬.** ફરીયાદ પક્ષે નીચે મુજબના મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

## LIST OF PROSECUTION WITNESS

| Rank | Exhibit | Name | Nature of evidence |
|---|---|---|---|
| PW-1 | ૧૧ | જુવાનસિંહ ચન્દ્રસિંહ મકવાણા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-2 | ૧૩ | રઘુનાથભાઇ ચન્દુભાઇ મકવાણા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-3 | ૧૪ | ભોગબનનાર | ભોગબનનાર |
| PW-4 | ૧૬ | ભોગબનનારના પિતા | ફરીયાદી |
| PW-5 | ૧૮ | ભોગબનનારની માતા | સાહેદ |
| PW-6 | ૨૨ | અર્જુનસિંહ રતનસિંહ બારીઆ | ભોગબનનારના કપડા કબજે કર્યાના તથા ગુનાવાળી જગ્યાના પંચનામના પંચ |
| PW-7 | ૩૨ | શૈલેષકુમાર મગનભાઇ બામણીયા | ગુનાવાળી જગ્યાના પંચનામાના પંચ |
| PW-8 | ૩૭ | ચંપકલાલ કાળુભાઇ સેલોત | આચાર્ય |
| PW-9 | ૪૩ | યોગેન્દ્રસિંહ ગુલાબસિંહ રાવત | તલાટી–કમ–મંત્રી |
| PW-10 | ૪૮ | ડો.નીધી કૌશિકભાઇ ભગોરા | મેડીકલ ઓફીસર |
| PW-11 | ૬૧ | ડો.ઝેનબ સુલતાન ગુલામહુસેનવાલા | ગાયનેકોલોજીસ્ટ |
| PW-12 | ૬૫ | વિનોદકુમાર અરવિંદસિંહ પટેલ | પોલીસ સ્ટેશન ઓફીસર |
| PW-13 | ૬૮ | સરમણ રામા મકવાણા | પોલીસ સાહેદ |
| PW-14 | ૭૩ | અશોકકુમાર કનુભાઇ કલાસવા | તપાસ કરનાર અમલદાર |

# LIST OF PROSECUTION EXHIBITS

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 1 | Ex-12/PW-1 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 2 | Ex-15/PW-3 | ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનું નિવેદન |
| 3 | Ex-17/PW-4 | ફરીયાદ |
| 4 | Ex-19 | આરોપીના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 5 | Ex-20 | આરોપીના શરીર સ્થિતિનું પંચનામું |
| 6 | Ex-23/PW-6 | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી |
| 7 | Ex-24/PW-6 | પંચ તરીકેનો નિમણુંક હુકમની નકલ |
| 8 | Ex-25/PW-6 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 9 | Ex-26/PW-6 | ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું |
| 10 | Ex-27 to 30/PW-6 | મુદ્દામાલ કાપલીઓ |
| 11 | Ex-33/PW-7 | પંચ તરીકેનો નિમણુંક હુકમ |
| 12 | Ex-34/PW-7 | ગુનાવાળી જગ્યાનું પંચનામું |
| 13 | Ex-38/PW-8 | જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ |
| 14 | Ex-39/PW-8 | વાલી સર્ટીની ખરી નકલ |
| 15 | Ex-40/PW-8 | આચાર્યને કરેલી યાદી |
| 16 | Ex-41/PW-8 | શાળાના વચપત્રકનો ઉતારો |
| 17 | Ex-42/PW-8 | પ્રમાણપત્ર |
| 18 | Ex-44/PW-9 | જન્મ નોંધણી રજીસ્ટરની ખરી નકલ |
| 19 | Ex-45/PW-9 | તલાટી–કમ–મંત્રીને કરેલી યાદી |
| 20 | Ex-46/PW-9 | પ્રમાણપત્ર |
| 21 | Ex-47/PW-9 | યાદી |
| 22 | Ex-49/PW-10 | ભોગબનનારની મેડીકલ તપાસ માટેની પોલીસ યાદી |
| 23 | Ex-50/PW-10 | ભોગબનનારની હીસ્ટ્રી અંગેના કેસ પેપર |
| 24 | Ex-51/PW-10 | ભોગબનનારનો તપાસનો રીપોર્ટ |
| 25 | Ex-52/PW-10 | ભોગબનનારનુ એમ.એલ.સી. |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| 26 | Ex-53,54/PW-10 | રીફર નોટ |
| 27 | Ex-55/PW-10 | આરોપીની મેડીકલ તપાસ માટેની યાદી |
| 28 | Ex-56/PW-10 | આરોપીની સંમતિ અંગેના કેસ પેપર |
| 29 | Ex-57/PW-10 | આરોપીની હીસ્ટ્રી અંગેના કેસ પેપર |
| 30 | Ex-58/PW-10 | આરોપીનો તપાસનો રીપોર્ટ |
| 31 | Ex-59/PW-10 | આરોપીનુ એમ.એલ.સી. |
| 32 | Ex-62/PW-11 | સંમતિ અંગેનું કેસ પેપર |
| 33 | Ex-63/PW-11 | ભોગબનનારની હીસ્ટ્રી લખ્યા અંગેનું પેપર |
| 34 | Ex-64/PW-11 | ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ |
| 35 | Ex-66/PW-12 | સુચિપત્ર |
| 36 | Ex-67/PW-12 | સરકારી પંચો ફાળવવા અંગેની યાદી |
| 37 | Ex-69/PW-13 | બી.એસ.એ.ની કલમ ૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર |
| 38 | Ex-70/PW-13 | હેઝવેલ્યુનો રીપોર્ટ |
| 39 | Ex-74/PW-14 | બી.એસ.એ.ની કલમ ૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર |
| 40 | Ex-75/PW-14 | હેઝવેલ્યુનો રીપોર્ટ |
| 41 | Ex-76/PW-14 | બી.એસ.એ.ની કલમ ૬૩(૪)(સી) મુજબનુ પ્રમાણપત્ર |
| 42 | Ex-77/PW-14 | હેઝવેલ્યુનો રીપોર્ટ |
| 43 | Ex-78,79,80/PW-14 | મુદ્દામાલ કાપલીઓ |
| 44 | Ex-81/PW-14 | ભોગબનનારની માતાનુ સંમતિ પત્ર |
| 45 | Ex-82/PW-14 | ભારે ગુનાનો રીપોર્ટ |
| 46 | Ex-83/PW-14 | કલમ ઉમેરો કરવા બાબતે પો.અધિ.શ્રી ને કરેલ યાદી |
| 47 | Ex-84/PW-14 | કલમ ઉમેરાનો રીપોર્ટ |
| 48 | Ex-85/PW-14 | ભોગબનનારનુ બી.એન.એસ.એસ.ની |

| Sr. No. | Exhibit Number | Description |
|---|---|---|
| | | કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા અંગેની યાદી |
| 49 | Ex-86/PW-14 | પો.અધિ. શ્રી પંચમહાલને કરેલ યાદી |
| 50 | Ex-87/PW-14 | ફેકસ મેસેજ |
| 51 | Ex-88/PW-14 | રવાનગી નોંધ |
| 52 | Ex-89/PW-14 | ના.પો.અધિ. શ્રી ને કરેલ યાદી |
| 53 | Ex-90/PW-14 | એફ.એસ.એલ. વડોદરાને કરેલ યાદી |
| 54 | Ex-91/PW-14 | મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ |
| 55 | Ex-92/PW-14 | એફ.એસ.એલ. વડોદરાને કરેલ યાદી |
| 56 | Ex-93/PW-14 | એફ.એસ.એલ. વડોદરાનો પત્ર |
| 57 | Ex-94/PW-14 | બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ |

**Material Objects:**

| Sr. No. | Material Obj. No. | Description |
|---|---|---|
| 1 | MO-1 | એક કાળા કલરનુ જીન્સનુ પેન્ટ |
| 2 | MO-2 | એક લીલા,પીળા કાળા કલરનુ ચોકડી તથા લાઇનીગ વાળુ શર્ટ |
| 3 | MO-3 | એક વાદળી કલરનો જાગીયો |
| 4 | MO-4 | એક મરુન કલરનુ ટોપ |
| 5 | MO-5 | એક ગુલાબી કલરની લેગી |
| 6 | MO-6 | એક મરુન કલરની નીકર |
| 7 | MO-7 | એક વાદળી કલરની બોડીસ |

**નોંધ:-** કેસના રેકર્ડમાં ભોગબનનારના માતાને PW-5 બદલે PW-4 લખાઇ ગયેલ છે પરંતું આ ચુકાદામાં ભોગબનનારના માતાને PW-5 તરીકે જ દર્શાવવામાં આવેલા છે.

**૭.** ફરીયાદ પક્ષે આ સિવાય અન્ય કોઈ પુરાવો રજુ કરવામાં આવેલ નથી અને તેઓ વધુ કોઇ પુરાવો રજુ કરવા માંગતા ના હોવાનું આંક–૯૫ થી કલોઝીંગ પુરસીસ રજુ કરી જાહેર કરેલ છે.

**૮.** ફરીયાદ પક્ષનો પુરાવો પુરો થયા બાદ ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ – ૩૧૩ અન્વયે આરોપીના વિશેષ નિવેદન નોંધવામાં આવેલ છે, જેમાં આરોપીએ ફરીયાદ પક્ષના પુરાવાનો ઇન્કાર કરી મુખ્યત્વે નકારાત્મક બચાવ લીધેલ છે અને તેમને બચાવના સાહેદો તપાસવા નથી કે સોગંદ ઉપર જુબાની આપવી નથી તેમ જણાવી વિશેષમાં જણાવેલ છે કે, તેઓ સામે ખોટો કેસ કરેલ છે તેઓ આ કામે નિર્દોષ હોઇ છોડી મુકવા અરજ કરેલ છે.

**૯.** આરોપી પક્ષે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવો રજુ કરવામાં આવેલ નથી. કોર્ટના સાક્ષી તરીકે કોઇ વ્યકિતને તપાસેલા નથી.

**૧૦.** ત્યારબાદ ફરીયાદ પક્ષ તરફે વિ. એ. પી. પી. શ્રી એમ.કે.દેશમુખની દલીલો સાંભળી. આરોપીઓ તરફે આંક–૯૯થી રજુ થયેલી લેખીત દલીલો વંચાણે લીધી.

**૧૧.૧** વિ.એ.પી.પી.શ્રી ની દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષના સાહેદ આચાર્ય તથા તલાટી–કમ–મંત્રીની જુબાનીમાં ભોગબનનારની જન્મ તા.૨૪/૧૨/૨૦૦૭ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે અને તેમની જુબાનીને જન્મ નોંધણી રજીસ્ટર અને શાળાના રેકર્ડથી સમર્થન મળે છે તેથી તેમની જુબાનીથી એ પુરવાર થાય છે કે ભોગબનનારની જન્મ તા.૨૪/૧૨/૨૦૦૭ હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૨** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારની જુબાનીમાં આરોપીઓ ભોગબનનારને લઈ ગયેલ હોવાની હકીકત રેકર્ડ ઉપર આવે છે તેમજ ભોગબનનારે વિ. મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ નિવેદનથી તેની જુબાનીને સમર્થન મળે છે તેમજ ડોકટર સમક્ષ લખાવેલી હીસ્ટ્રીથી પણ ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે અને તેથી તેમની જુબાનીથી એ પુરવાર થાય છે કે

આરોપી નં. ૨ની મદદગારીથી આરોપી નં. ૧ ભોગબનનારને ભગાડી લઈ ગયેલ. વધુમાં તેમની દલીલ એવી છે કે ભોગબનનારે તેમની જુબાનીમાં આરોપી અને ભોગબનનાર પતિ પત્નીની જેમ રહેતા હોવાની હકીકત લખાવેલી છે અને તેથી ભોગબનનારે ડોકટર સમક્ષ લખાવેલી હીસ્ટ્રીમાં આરોપી અને ભોગબનનારે શરીરસંબંધ બાંધેલાની હકીકત લખાવેલી છે અને તેથી આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલ હોવાનું પુરવાર થાય છે.

**૧૧.૩** તેમની વધુમાં દલીલ એવી છે કે, ભોગબનનારના માતા–પિતા ફરીયાદ પક્ષને સમર્થન કરતા નથી પરંતું ફરીયાદ પક્ષનો કેસ ભોગબનનારની જુબાનીથી તથા ડોકટરની જુબાનીથી પુરવાર થાય છે.

**૧૧.૪** તેમની વધુમાં દલીલ એવી છે કે, ફરીયાદ પક્ષ આરોપી સામેનો કેસ પુરવાર કરવામાં સફળ રહેલા છે અને તેથી આરોપીઓને આ ગુનામાં તકસીરવાન ઠરાવવા જોઈએ.

**૧૨.** સદરહું કેસના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થયેલ છે.

**<u>મુદ્દા :–</u>**

૧. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, બનાવ વખતે ભોગબનનાર અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના હતા?

૨. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપીઓએ એકબીજાની મદદગારી થી તા. ૨૯/૫/૨૫ ના રાત્રીના બારેક કલાકે ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.– ૧૭ વર્ષ, ૫ માસને મોજે સાગવાડા ગામેથી પટાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી તથા શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીના વાલીની સંમતિ વગર ભોગબનનારને મોટરસાયકલ ઉપર બેસાડી સાગાવાડાથી સંતરામપુર બસ સ્ટેન્ડ સુધી લઈ જઈ ત્યારબાદ આરોપી નં. ૧ નાએ સંતરામપુર થી રાજકોટ તથા ભાવગનર નજીક બળદોઈ ગામે લઈ જઈ ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૪, ૫૪ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૩. શું ફરીયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નં. ૧ નાએ તા. ૨૯/૫/૨૫ પહેલા જાતિય ઈરાદાઓથી ભોગબનનારને મોબાઈલ ફોન આપી તથા ભોગબનનાર સાથે ફોન ઉપર વાતચીત કરી, તેમજ આરોપીઓએ એકબીજાની મદદગારી થી ભોગબનનારને ભગાડી લઈ ગયા બાદ આરોપી નં. ૧ નાએ તા. ૨૯/૫/૨૫ થી તા. ૨૩/૯/૨૫ દરમ્યાન ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનારને મોજે બળદોઇ ગામે વાડીમાં લઈ જઈ અવાર નવાર શારીરીક સંભોગ કરી તથા ફરીયાદ આપી તે અગાઉ પણ ભોગબનનાર સાથે સાગવડા ગામે ભોગબનનારના ઘર નજીક આવેલ રોડ ઉપર અવાર નવાર શારીરીક સંભોગ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૬૪(૨)(એમ), ૫૪ તથા ધી પોકસો એકટની કલમ ૪,૬,૧૨ અને ૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

૪. શું હુકમ ?

**૧૩.** ઉપરોકત મુદા પરત્વેના નિર્ણયો નીચે મુજબ છે.

૧. નકારમાં.

૨. નકારમાં.

૩. નકારમાં.

૪. આખરી હુકમ મુજબ

**<u>–:: કારણો ::–</u>**

**<u>મુદ્દા નં. ૧ :–</u>**

**૧૪.** ફરીયાદ પક્ષના સાહેદ, આચાર્ય, ચંપકલાલ કાળુભાઇ સેલોત (PW-8, Exh.-37)ની જુબાની મુજબ ભોગબનનારને તેમની શાળામાં તેમના વાલીના વાલી સર્ટીફીકેટ (પ્રવેશ ફોર્મ)ના આધારે ધોરણ - ૧માં પ્રવેશ આપવામાં આવેલો અને તેમના પિતાએ આપેલી માહીતીના આધારે ભોગબનનારની જન્મ તા.૨૪/૧૨/૨૦૦૭ની લખવામાં આવેલી અને તેમની શાળાના જનરલ રજીસ્ટરમાં ભોગબનનારની જન્મ તા.૨૪/૧૨/૨૦૦૭ નોંધવામાં આવેલી છે. તેમની જુબાનીમાં આંક- ૩૮ થી જનરલ રજીસ્ટરના ઉતારાની ખરી નકલ, આંક-૩૯ થી વાલી સર્ટીની ખરી નકલ, આંક-૪૦ થી યાદી, આંક-૪૧ થી શાળાના વયપત્રકનો ઉતારો, આંક-૪૨ થી પ્રમાણપત્ર રજુ કરેલ છે. આંક-૩૯થી રજુ પ્રવેશ ફોર્મ જોવામાં આવે તો આ પ્રવેશ ફોર્મમાં

ભોગબનનારના પિતાના અંગુઠાનું નિશાન લેવામાં આવેલ છે.

**૧૫.** ફરીયાદ પક્ષના સાહેદ, તલાટી–કમ–મંત્રી, યોગેન્દ્રસિંહ ગુલાબસિંહ રાવત (PW-9, Exh.-43)ની જુબાની મુજબ તેમની કચેરીના સને ૨૦૦૭ના જન્મ નોંધણી રજીસ્ટરના અનુક્રમ નં. ૧૧૮ ઉપર ભોગબનનારના જન્મની નોંધણી થયેલી છે પરંતું પાનુ ફાટી ગયેલ હોય કઇ તારીખે નોંધણી કરવામાં આવેલી તે વાંચી શકાય તેમ નથી તેમજ જન્મની નોંધ કોણે કરાવેલી તે અંગેની કોઇ માહીતી રેકર્ડ ઉપર આવેલી નથી. વધુમાં તેમની જુબાની મુજબ ભોગબનનારની જન્મ તા. ૨૪/૧૨/૨૦૦૭ નોંધવામાં આવેલી છે. તેમની જુબાનીમાં આંક- ૪૪થી જન્મ રજીસ્ટરની ખરી નકલ, આંક-૪૫થી યાદી, આંક-૪૬ થી પ્રમાણપત્ર, આંક-૪૭ થી યાદી રજુ કરેલ છે. આંક-૪૪થી રજુ થયેલ જન્મ રજીસ્ટરની નકલ જોવામાં આવે તો જન્મ નોંધણી રજીસ્ટરનું એક જ બાજુનુ પાનુ રજુ થયેલ છે અને જન્મ નોંધણીની તારીખ પણ ફાટી ગયેલી છે જેથી ભોગબનનારના જન્મની નોંધ કોણે કરાવેલી તે હકીકત રેકર્ડ ઉપર આવતી નથી.

**૧૬.** ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરવા માટે ભોગબનનારના માતા–પિતાની જુબાની મહત્ત્વની છે. ભોગબનનારના પિતા (PW-4, Exh-16) ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારની જન્મ તારીખ તેમને ખબર ના હોવાનું જણાવે છે અને બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૯ વર્ષ હોવાનુ જણાવે છે. વધુમાં, ભોગબનનારના પિતાની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, ભોગબનનારના જન્મની નોંધણી ગામના આગેવાન કરાવવા ગયેલા અને તેમને ભોગબનનારની જન્મની નોંધ કરાવેલી નથી. તેમજ ભોગબનનારના જન્મની તારીખ ઘણા સમય પછી લખાવેલી હતી. આમ, ભોગબનનારના પિતાની આ જુબાની જોવામાં આવે તો ભોગબનનારના પિતાએ ભોગબનનારની જન્મની નોંધ કરાવેલી નથી અને ભોગબનનારના જન્મની નોધ તેમને કરાવેલી નથી અને ગામના આગેવાને ભોગબનનારના જન્મની નોંધ ઘણા સમય પછી કરાવેલી હતી.

**૧૭.** ભોગબનનારના માતા (PW-5, Exh-18) ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારના જન્મની તારીખ તેમને ખબર ના હોવાનું જણાવે છે અને બનાવ વખતે ભોગબનનારની ઉંમર ૧૭–૧૮ વર્ષની હોવાનું તે જણાવે છે. આમ, ભોગબનનારના માતાની આ જુબાની જોતાં તેમને પણ ભોગબનનારની જન્મ તારીખ ખબર ના હોવાનું અને તેઓ ભોગબનનારની ઉંમર આશરે જણાવતાં હોવાનું જણાય છે.

**૧૮.** આમ, ભોગબનનારની ઉંમર બાબતે ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો ભોગબનનારના પિતાને ભોગબનનારની જન્મ તારીખ ખબર નથી અને તેથી શાળામાં જે પ્રવેશ ફોર્મ ભરવામાં આવેલ છે તેમાં જન્મના દાખલાના આધારે જન્મ તારીખ લખવામાં આવેલી હોય તેમ જણાય છે. વધુમાં, ભોગબનનારના જન્મની નોંધણી અંગે જન્મ નોંધણી રજીસ્ટરનો પુરાવો જોવામાં આવે તો તે દસ્તાવેજ ફાટેલો છે અને તેમાં કઇ તારીખે જન્મની નોંધણી કરવામાં આવેલી અને તે જન્મની નોંધણી કોણે કરાવેલી તેનો કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવતો નથી. વધુમાં, ભોગબનનારના પિતાની જુબાની જોવામાં આવે તો તેમને જન્મની નોંધણી કરાવેલ ના હોવાનું તે કબુલ રાખે છે અને ભોગબનનારના જન્મની નોંધણી ગામના આગેવાને ઘણા સમય પછી કરાવેલ હોવાનું કબુલ રાખેલ છે તે સંજોગોમાં ભોગબનનારના જન્મની નોંધણીમાં જે તારીખ લખાવવામાં આવેલી છે તે સાચી લખાવવામાં આવેલી હોવાની હકીકત શંકાસ્પદ બની રહે છે. વધુમાં, આ જન્મની તારીખ કોણે અને કઇ માહીતીના આધારે લખાવી તેનો પણ કોઇ પુરાવો રેકર્ડ ઉપર આવેલો નથી અને તેથી ભોગબનનારની જન્મ તારીખની માહીતીનો સ્ત્રોત વિશ્વસનીય છે કે નહી તે નકકી થઇ શકે તેમ નથી. વધુમાં, ભોગબનનારના પિતાની જુબાની જોવામાં આવે તો બનાવ વખતે ભોગબનનાર ૧૯ વર્ષની હોવાનું તે જણાવતાં હોય તા.૨૪/૧૨/૨૦૦૭ ભોગબનનારની સાચી જન્મ તારીખ હોવાનું શંકાસ્પદ બને છે. જેથી, ભોગબનનારની જન્મ તારીખના પુરાવામાં રજુ થયેલ ગ્રામ પંચાયતનું રેકર્ડ આધારભૂત પુરાવો ગણી શકાય તેમ નથી અને તેના આધારે શાળામાં ભોગબનનારની જન્મ તારીખ લખવામાં આવેલી હોય શાળાનું રેકર્ડ પણ આધારભૂત પુરાવો ગણી શકાય નહી.

ફરીયાદ પક્ષના કેસ મુજબ બનાવ વખતે ભોગબનનાર ૧૭ વર્ષ ૫ માસના હતા એટલે કે તે પુખ્ત વયના થવાના આરે હતાં. આ સંજોગોમાં ભોગબનનારની ઉંમર પુરવાર કરવા માટે વિશ્વસનીય પુરાવો રેકર્ડ ઉપર આવવો જરૂરી છે પરંતું હાલના કેસમાં જે દસ્તાવેજી પુરાવો રજુ થયેલ છે તે વિશ્વસનીય જણાતો નથી અને ભોગબનનારના માતા–પિતાના મૌખિક પુરાવામાં ભોગબનનારની જન્મ તારીખ રેકર્ડ આવતી નથી. જેથી, ફરીયાદ પક્ષ ભોગબનનારની જન્મ તારીખ પુરવાર કરી શકતો નથી.

**૧૯.** આમ, ફરીયાદ પક્ષ ભોગબનનારની જન્મ તારીખ યોગ્ય પુરાવાથી પુરવાર કરી શકતો ના હોય બનાવ વખતે ભોગબનનાર સગીર વયના હોવાનું પુરવાર થઇ શકતું નથી. જેથી, ફરીયાદ પક્ષ એ પુરવાર કરી શકતો નથી કે બનાવ વખતે ભોગબનનાર અઢાર વર્ષ કરતાં ઓછી ઉંમરના હતાં. જેથી, મુદ્દા નં. ૧ જવાબ 'નકારમાં' આપવામાં આવેલ છે.

**<u>મુદ્દા નં. ૨ અને ૩ :–</u>**

**૨૦.** મુદ્દા નં. ૨ અને ૩ એકબીજા સાથે સંકળાયેલા હોય ચર્ચાનું પુનરાવર્તન ટાળવા માટે આ બંને મુદ્દાની અત્રે સંયુકત ચર્ચા કરવામાં આવેલી છે.

**૨૧.** આરોપી સામે પોકસો એકટ મુજબ શિક્ષાપાત્ર ગુનાનું તહોમત ફરમાવવામાં આવેલ છે પરંતું ભોગબનનાર સગીર વયના હોવાનું ફરીયાદ પક્ષ પુરવાર કરી શકેલ ના હોય પોકસો એકટની જોગવાઇઓ લાગુ પડતી નથી અને તેથી પોકસો એકટની કલમ –૨૯ અને ૩૦ મુજબનું અનુમાન લાગુ પડતું નથી.

**૨૨.** ફરીયાદ પક્ષના સાહેદ, ગુનાવાળી જગ્યાના પંચ, જુવાનસિંહ ચંન્દ્રસિંહ મકવાણા (PW-1, Exh-11)ની તથા રઘુનાથભાઇ ચન્દુભાઇ મકવાણા (PW-2, Exh-13) ની જુબાની મુજબ પોલીસે તેમને સહી કરવાનુ કહેતા સહી તથા અંગુઠો કરેલાનું અને તે સિવાય પંચનામાની હકીકત વિશે જાણતા ના હોવાનું જણાવે છે. આમ આ પંચસાહેદો ફરીયાદ પક્ષના કેસને

સમર્થન કરતાં નથી. આ સાહેદની વિ. એ. પી. પી. દ્વારા કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષના કેસને મદદરૂપ થાય તેવી કોઇ હકીકત નીકળી આવેલી નથી.

**૨૩.** ફરીયાદ પક્ષના સાહેદ, ગુનાવાળી જગ્યાના તથા ભોગબનનારના કપડા કબજે કર્યાના પંચ, અર્જુનસિંહ રતનસિંહ બારીઆ (PW-6, Exh-22) ની જુબાની મુજબ ભોગબનનારે સાગવાડા મુકામે આવેલી ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામું કરેલુ અને ભોગબનનારે મરૂન કલરનું ટોપ, ગુલાબી કલરની લેંગી, મરૂન કલરની નીકર અને વાદળી કલરની બ્રા રજુ કરેલી તે પોલીસે કબજે કરેલી અને તેનું પંચનામુ કરેલું. તેમની જુબાનીમાં આંક–૨૫થી ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૬થી ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું રજુ થયેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તે કબુલ રાખે છે કે, તે પોલીસ સ્ટેશન ગયા ત્યારે કપડા ગડીઓ બાંધેલી હતી અને ત્યાં પડેલા હતાં અને આ કપડા પોલીસ કયાંથી લાવીને મુકેલા તેની તેમને માહીતી નથી. આમ, આ સાહેદની હાજરીમાં ભોગબનનારે પોલીસ સમક્ષ કપડા રજુ કરેલ હોય તેવી તેમની જુબાની શંકાસ્પદ બને છે. તેમ છતાં, તપાસ કરનાર અમલદાર અશોકકુમાર કનુભાઇ કલાસવા (PW-14, Exh-73) ની જુબાનીથી ભોગબનનારના કપડા કબજે કરેલાનું પુરવાર થાય છે તેમજ ભોગબનનારે બતાવેલી ગુનાવાળી જગ્યાનું પંચનામું કરેલાનું પુરવાર થાય છે. આંક–૨૫થી રજુ ગુનાવાળી જગ્યાનું પંચનામું તથા આંક–૨૬થી રજુ ભોગબનનારના કપડા કબજે કર્યાનું પંચનામું વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવતો નથી.

**૨૪.** આંક–૧૯થી રજુ આરોપીના કપડા કબજે કર્યાનુ પંચનામું તથા આંક–૨૦ થી રજુ આરોપીના શરીર સ્થિતિનું પંચનામું આરોપી પક્ષે પુરાવામાં ગ્રાહ્ય રાખતા આંક પાડી પુરાવામાં વંચાણે લીધેલા છે. આ પંચનામા વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને આ ગુનામાં સીધી રીતે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવતો નથી. આંક–૧૯ના પંચનામાથી આરોપીના

કપડા કબજે કર્યાનું પુરવાર થાય છે.

**૨૫.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.નિધી કૌશિકભાઇ ભગોરા (PW-10, Exh-48)ની જુબાની મુજબ તા.૨૩/૯/૨૫ ના રોજ ભોગબનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે ભોગબનનારના શરીરથી લોહી, નખ, ગુપ્તાંગના વાળ, બગલના વાળ, માથાના વાળ, લાળના નમુના લઇ સીલ કરી એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને સુપરત કરેલ. વધુમાં તેમની જુબાની મુજબ તે જ દિવસે આરોપીને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે આરોપીના શરીરથી લોહી, નખ, લાળ, માથાના વાળ, ગુપ્તાંગના વાળ, બગલના વાળ, વીર્યના નમુના લઇ સીલ કરી એફ.એસ.એલ. તપાસણી માટે પોલીસને સુપરત કરેલ. તેમની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં તેમની ઉપરોકત જુબાનીને શંકાસ્પદ બનાવે તેવી કોઈ હકીકત નીકળી આવેલી નથી. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમણે આરોપી તથા ભોગબનનારના શરીર ઉપરથી લીધેલ નમુના એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલા.

**૨૬.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, અશોકકુમાર કનુભાઈ કલાસવા (PW-14, Exh-73) ની જુબાની મુજબ ભોગબનનાર અને આરોપીના શરીર ઉપર થી લેવામાં આવેલા નમુના તથા મુદ્દામાલ તપાસણી અર્થે એફ.એસ.એલ. વડોદરાને મોકલી આપેલા. તેમની જુબાનીમાં આંક–૮૮ થી રવાનગી પત્રક તથા સત્તા અંગેનું પ્રમાણપત્ર, આંક–૯૧ થી મુદ્દામાલ મળ્યા અંગેની પહોંચ, આંક–૯૩થી એફ.એસ.એલ. વડોદરાનો પત્ર અને આંક–૯૪થી બાયોલોજી તથા સીરોલોજી અહેવાલ રજુ થયેલ છે. આમ, આ સાહેદની જુબાની મુજબ તેમને આરોપી અને ભોગબનનારના શરીર ઉપરથી લેવામાં આવેલ નમુના તથા મુદ્દામાલ એફ.એસ.એલ. તપાસ માટે મોકલી આપેલ.

**૨૭.** આમ, આરોપીના કપડા કબજે કરવામાં આવેલ હોવાનું અને ભોગબનનારના કપડા કબજે કરેલ હોવાનું અને આરોપી તથા ભોગબનનારના શરીર ઉપરથી નમુના લીધેલ હોવાનું અને તેને એફ.એસ.

એલ. માં પરીક્ષણ અર્થે મોકલેલ હોવાનું જણાઈ આવે છે પરંતું તેના પરીક્ષણનો આંક–૯૪ થી રજુ અહેવાલ જોતાં તેમાં આરોપીના કપડા ઉપર ભોગબનનારના લોહીના કે ભોગબનનારના શરીરના અંશના અન્ય કોઈ પુરાવા મળી આવેલ હોવાનું જણાતું નથી અને ભોગબનનારના કપડા ઉપરથી આરોપીના લોહીના કે વીર્યના નમુના મળી આવેલા હોવાનું જણાતુ નથી. જેથી, સાઈન્ટીફ પુરાવાથી આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવેલો નથી.

**૨૮.૧** ફરીયાદ પક્ષના સાહેદ, ગુનાવાળી જગ્યાના પંચ, શૈલેષકુમાર મગનભાઈ બામણીયા (PW-7, Exh-32) ની જુબાની મુજબ પોલીસે તેમને ગુનાવાળી જગ્યાનું પંચનામું કરવા માટે બોલાવેલ અને તેઓ તથા ભોગબનનાર તથા પોલીસ સ્ટાફના માણસો બલદોઈ ગામે ગયેલા અને ત્યાં ભોગબનનારે ગુનાવાળી જગ્યા બતાવેલી તે જગ્યાનું પંચનામું કરેલું. તેમની જુબાનીમાં આંક–૩૪થી ગુનાવાળી જગ્યાનું પંચનામું રજુ કરેલ છે.

**૨૮.૨** ફરીયાદ પક્ષના સાહેદ સરમણ રામા મકવાણા (PW-13, Exh-68) ની જુબાની મુજબ તા.૬/૨/૨૫ ના રોજ પી.એસ.આઈ તરીકે મોરવા(હ) પો.સ્ટે ખાતે ફરજ પર હતા. તે દરમ્યાન પી.આઈ. શ્રી એ.કે.કલાસવાનાઓએ તેઓને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવા મૌખિક સુચના કરતા તેઓએ ભોગબનનારના બતાવ્યા મુજબનુ ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરેલ અને વાડીના માલિક એભલભાઈ સીદીધાઈ મકવાણાનાઓનું નિવેદન નોંધેલ.

**૨૮.૩** શૈલેષકુમાર મગનભાઈ બામણીયા (PW-7, Exh-32) ની જુબાની તથા સરમણ રામા મકવાણા (PW-13, Exh-68) ની જુબાની જોવામાં તથા આંક–૩૪થી ગુનાવાળી જગ્યાનું પંચનામું વંચાણે લેવામાં આવે તો પણ આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સીધો પુરાવો નીકળી આવતો નથી.

**૨૯.** ભોગબનનારના પિતા (PW-4, Exh-16) ની જુબાની જોવામાં આવે તો, તેમની ભોગબનનાર દીકરીને તેની માતા સાથે ઘરકામ બાબતે ઝઘડો થતા તેણી રાત્રે ઘર છોડીને જતી રહેલ હોવાનું જણાવે છે. આ સાહેદની જુબાની

જોતાં આરોપી તેમની ભોગબનનાર દીકરીને લઈ ગયેલ હોય તેવી કોઈ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઈપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતાં નથી. તેમની જુબાનીથી આંક-૧૭ ની ફરીયાદ હકીકતો પુરવાર થઈ શકતી નથી. જેથી, તેમની જુબાની ઉપરથી એ પ્રસ્થાપિત થઈ શકતું નથી કે આરોપી ભોગબનનારને લઈ ગયેલ છે.

**૩૦.** ફરીયાદ પક્ષે ભોગબનનારના માતા (PW-5, Exh-18) ની જુબાની જોવામાં આવે તો, તેમની ભોગબનનાર દીકરીને તેણીની સાથે ઘરકામ બાબતે ઝઘડો થતા તેણી રાત્રે ઘર છોડીને જતી રહેલ હોવાનું જણાવે છે. આ સાહેદની જુબાની જોતાં આરોપી તેમની ભોગબનનાર દીકરીને લઈ ગયેલ હોય તેવી કોઈ હકીકત તે જણાવતાં નથી. તેમનો પુરાવો જોતાં ફરીયાદ હકીકતને કોઈપણ પ્રકારે સમર્થન કરતા નથી. તેમની ફરીયાદ પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં ફરીયાદ પક્ષને મદદરૂપ થાય તેવી કોઈ હકીકત જણાવતાં નથી. જેથી, તેમની જુબાની ઉપરથી એ પ્રસ્થાપિત થઈ શકતું નથી કે આરોપીઓ ભોગબનનારને લઈ ગયેલ છે.

**૩૧.** આમ, ફરીયાદ પક્ષનો પુરાવો જોવામાં આવે તો આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સાઈન્ટીફીક પુરાવો નીકળી આવતો નથી તેમજ કરવામાં આવેલા પંચનામાથી આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ સીધો પુરાવો નીકળી આવતો નથી. ભોગબનનારના માતા-પિતાની જુબાનીમાં પણ આરોપીને આ ગુનામાં સાંકળી શકાય તેવો કોઈ પુરાવો નીકળી આવેલો નથી. ઉલટાનું, ભોગબનનારના માતા-પિતાની જુબાની જોવામાં આવે તો ભોગબનનારને તેણીની માતા સાથે ઝઘડો થતાં તેણી જાતે ઘરેથી નીકળી ગયેલી હોવાનું જણાઈ આવે છે.

**૩૨.** ફરીયાદ પક્ષે ભોગબનનાર (PW-3, Exh-14)ની જુબાની મુજબ તેણીએ સંદીપને બોલાવેલો અને સંદીપ તથા દીલીપ લક્ષ્મણભાઈ ડામોર મોટર સાઈકલ લઈને આવેલા અને ત્રણેય જણા મોટર સાઈકલ ઉપર સંતરામપુર

ગયેલા અને તે અને સંદીપ બસમાં બેસીને બલદોઈ ગામે ગયેલા અને ત્યાં એક વાડીમાં ગયેલા અને ત્યાં રૂમમાં રહેતા હતાં અને ત્યાં સંદીપે તેણીની સાથે કાંઈ કરેલ નહી. તેમની જુબાનીમાં આંક-૧૫થી વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ નિવેદન રજુ થયેલ છે. આ સાહેદની આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં કોઈ ખાસ મહત્ત્વની હકીકત નીકળી આવેલ નથી. આમ, ભોગબનનારની જુબાની જોતાં ભોગબનનારના બોલાવવાથી આરોપી સંદીપ આવેલ હોવાનું જણાય છે અને તેણીની સ્વેચ્છાએ તેઓ બલદોઈ ગામે ગયેલ હોવાનું જણાય છે. વધુમાં, ભોગબનનારની જુબાની જોતાં આરોપી સંદીપે તેણીની સાથે કાંઈ કરેલ ના હોવાનું જણાઈ આવે છે.

**33.** ભોગબનનારનું આંક-૧૫નું નિવેદન જોવામાં આવે તો તેમાં પણ ભોગબનનારે આરોપી સંદીપને ફોન કરી લઈ જવા માટે જણાવેલ હોવાનું જણાઈ આવે છે અને ઘરના સુતા હતા ત્યારે તે ચુપચાપ ઘરેથી નીકળી ગયેલ હોવાનું અને ભાવનગરના કોઈ ગામે ગયેલ હોવાનું અને ત્યાં એક ખેતરની ઓરડીમાં રહેલ હોવાનું જણાવેલ છે. ભોગબનનારનું આ નિવેદન જોવામાં આવે તો તેણીની સાથે આરોપીએ શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત જણાવેલી નથી. આમ, આ નિવેદનથી ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે.

**૩૪.૧** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.નિધી કૌશિકભાઇ ભગોરા (PW-10, Exh-48)ની જુબાની મુજબ તા.૨૩/૯/૨૫ ના રોજ ભોગબનનારને મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે ભોગબનનારે જણાવેલ કે ''હું સંદીપભાઇ સાથે એક વર્ષથી પ્રેમસંબંધમા હતી અને અવાર નવાર મળતા હતા. મે ૨૦૨૫ માં સાગવાડા ચોકડી થી ભેગા મળી બંને ઘરેથી નાસી ગયા હતા અને ભાવનગરમાં બળદોઇ ગામ ખાતે વાડીમાં રહેતા હતા ત્યાં અમોએ એકબીજાની સંમતિ થી અવાર નવાર શારીરીક સંબંધ બાંધ્યા હતા.'' આ સાહેદે જુબાની દરમ્યાન આંક- ૪૯થી યાદી, આંક-૫૦ થી હીસ્ટ્રી અંગેના કેસ પેપર, આંક-૫૧ થી તપાસનો રીપોર્ટ તથા આંક-૫૨ થી ભોગબનનારનું એમ.એલ.સી. રજુ કરેલ છે. આમ, આ સાહેદની જુબાની

જોતાં ભોગબનનારે તેમના રૂબરૂની હીસ્ટ્રીમાં ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકત જણાવેલી છે.

**૩૪.૨** ફરીયાદ પક્ષના સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો. ઝેનબ સુલતાન ગુલામહુસેનવાલા (PW-11, Exh-61) ની જુબાની મુજબ તા. ૨૪/૯/૨૫ ના રોજ ભોગબનનારને ગાયનેક તપાસ માટે તેની સમક્ષ લાવેલા તે વખતે ભોગબનનારે હીસ્ટ્રીમાં જણાવેલ કે, ''હું સંદીપને ગામમાં લગ્નમાં બાર મહીના પહેલા મળ્યા હતા દસ પંદર દિવસ પછી મારા ઘરની પાછળ દુકાન પર મળ્યા હતા ત્યાં મને સંદીપે મોબાઇલ આપ્યો પછી તે કામે જતો રહેલો પછી એક મહીના પછી ઘરે આવ્યા પછી અમે કોતરડામાં મળ્યા ત્યાં મારી મરજી થી મેં સંદીપ સાથે શારીરીક સંબંધ બાંધેલ હતો પછી હું ઘરે જતી રહેલી પછી રોજ ફોન ઉપર વાત કરતા હતા દોઢ મહીના પછી મારા ઘરની પાછળ ખેતરમાં મળ્યા ત્યાં મારી મરજી થી શારીરીક સંબંધ બાંધેલ હતો દસ પંદર દિવસ પછી મારા ઘરના રોડની બીજી બાજુએ ખેતરમા મળ્યા ત્યાં મારી મરજી થી શારીરીક સંબંધ બાંધેલ હતો. દોઢ બે મહીના પછી રાતના બાર વાગે ઘરેથી એકલી નીકળી કોતરડા પાસે ગઇ પછી એમેને બોલાયા એ મને કોતરડા પાસે બાઇક ઉપર કોઇ છોકરા સાથે બેસીને બાઇક ઉપર લેવા આવ્યા ત્યાંથી બાઇક ઉપર બેસીને સંતરામપુર ગયા સંતરામપુર બસ સ્ટેન્ડ પરથી ચાર વાગે બસમાં બેસીને રાજકોટ ગયા રાજકોટ થી ભાવગનર ગયા ભાવનગરમાં વાડીમાં બે ત્રણ મહીના રોકાયા ત્યાં રોજ શારીરીક સંબંધ બાંધતો હતો. મગફળીના ખેતરમાં કામ કરતા હતા. તા. ૨૨/૯/૨૫ ના રોજ સંદીપના મમ્મી પપ્પા અંદાજે ચાર વાગે અમને લેવા આવ્યા પછી અમને ઇકોમાં મોરા લઇને આવ્યા કાલે સવારે તા. ૨૩/૯/૨૫ ના રોજ પોલીસ સ્ટેશન મોરવા લઇને આવ્યા. પોલીસ સ્ટેશનમાં કપડા બદલ્યા, તા. ૨૧/૯/૨૫ ના રોજ અંદાજે બાર વાગે છેલ્લી વાર શારીરીક સંબંધ બાંધ્યો હતો. આજે ૧૧-૦૦ વાગે મોરવા(હ) શારીરીક તપાસ માટે લઇને આવ્યા '' આ સાહેદે જુબાની દરમ્યાન આંક-૬૨ તથા ૬૩ થી કેસ પેપર, આંક-૬૪ થી ભોગબનનારનો ગાયનેક રીપોર્ટ રજુ કરેલ છે. આમ, આ ડોકટર સાહેદની જુબાની મુજબ ભોગબનનારે તેમના રૂબરૂ ફરીયાદ પક્ષના કેસને સમર્થનકારક હકીકતો હીસ્ટ્રીમાં લખાવેલી છે.

**૩૪.૩** ડો.નિધી કૌશિકભાઇ ભગોરા (PW-10, Exh-48)ની જુબાની તથા ડો. ઝેનબ સુલતાન ગુલામહુસેનવાલા (PW-11, Exh-61) ની જુબાની જોવામાં આવે તો ભોગબનનારે તેઓના રૂબરૂની હીસ્ટ્રીમાં પણ તેણીએ આરોપીને બોલાવેલ હોવાનું અને તો ભાગીને બલદોઈ ગામે ગયેલ હોવાની હકીકત લખાવેલી છે. જેથી, આ સાહેદોની આ જુબાની જોવામાં આવે તો ભોગબનનારની જુબાનીને સમર્થન મળે છે. પરંતું, આ સાહેદોની જુબાની જોવામાં આવે તો આવે તો આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંબંધ બાંધેલ હોવાનું જણાવેલ છે. પરંતું, ભોગબનનારે તેમની જુબાનીમાં આવી કોઈ હકીકત લખાવેલી નથી. વધુમાં, ભોગબનનાર વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂના નિવેદનમાં પણ આરોપીએ તેણીની સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત લખાવેલી નથી. ડોકટર સમક્ષ લખાવેલી હીસ્ટ્રીએ ભોગબનનારની જુબાનીના સમર્થનકારક પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય પરંતું ભોગબનનારે તેમની જુબાનીમાં આવી કોઈ હકીકત લખાવેલી ના હોય ડોકટર સમક્ષની આ હીસ્ટ્રી પુરાવા તરીકે ઉપયોગમાં લઈ શકાય તેમ નથી. વધુમાં, ભોગબનનાર તેમની જુબાનીમાં આવી કોઈ હકીકત જણાવતા ના હોય તે સંજોગોમાં ભોગબનનારને આ હીસ્ટ્રીમાં લખાવેલી હકીકત વાંચી સંભળાવીને આવી હકીકત લખાવેલ હોવાનું પુછવાનુ રહે છે પરંતું આવી કોઈ હકીકત ભોગબનનારને પુછવામાં આવેલ નથી તે સંજોગોમાં પણ આ હકીકતનો પુરાવામાં ઉપયોગ કરી શકાય તેમ નથી.

**૩૫.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.નિધી કૌશિકભાઇ ભગોરા (PW-10, Exh-48)ની જુબાની મુજબ તા.૨૩/૯/૨૫ ના રોજ આરોપી સંદીપભાઇ કાંતિભાઇ ડામોરને પોલીસ યાદી સાથે મેડીકલ તપાસણી માટે લાવેલા ત્યારે આરોપીએ ઘટના સબંધીત ઈતિહાસ લખાવેલો. આ સાહેદની જુબાનીમાં આંક–૫૫ થી યાદી, આંક–૫૬ આરોપીની સંમતિ અંગેના કેસ પેપર, આંક–૫૭ થી આરોપીની હીસ્ટ્રી અંગેના કેસ પેપર, આંક–૫૮ થી તપાસનો રીપોર્ટ અને આંક–૫૯ થી આરોપીનુ એમ.એલ.સી. રજુ થયેલ છે. આ સાહેદની જુબાની તથા આંક–૫૫ ની યાદી જોતાં આરોપીને પોલીસ લઇને આવેલી હતી એટલે કે જયારે આરોપીને ડોકટર

સમક્ષ લાવવામાં આવેલ ત્યારે તે પોલીસ કસ્ટડીમાં હતો. વધુમાં, આરોપીએ લખાવેલી હીસ્ટ્રી જોવામાં આવે તો તે કબુલાત સ્વરૂપની હીસ્ટ્રી છે. ભારતીય સાક્ષ્ય અધિનિયમની કલમ–૨૩(૨) જોવામાં આવે તો પોલીસ કસ્ટડી દરમ્યાન આરોપીએ કોઈપણ વ્યકિત સમક્ષ કરેલી કબુલાત પુરાવામાં ગ્રાહય બનતી નથી. આમ, આરોપીએ પોલીસ કસ્ટડી દરમિયાન ડોકટર સમક્ષ કબુલાત સ્વરૂપની લખાવેલી હીસ્ટ્રી પુરાવામાં ગ્રાહય બનતી નથી. જેથી આ હીસ્ટ્રીની હકીકતોને પુરાવામાં વંચાણે લેવામાં આવેલ નથી.

**૩૬.** ફરીયાદ પક્ષના સાહેદ, મેડીકલ ઓફીસર, ડો.નિધી કૌશિકભાઇ ભગોરા (PW-10, Exh-48)ની જુબાનીમાં આરોપી શારીરીક સંભોગ કરવા માટે સક્ષમ હતો તેમજ સાહેદ, ગાયનેકોલોજીસ્ટ, ડો.ઝેનબ સુલતાન ગુલામહુસેનવાલા (PW-11, Exh-61)ની તપાસમાં ભોગબનનારનું યોનીપટલ તુટેલુ હતું તેવો પુરાવો નીકળી આવે છે પરંતું આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલ હોવાનું પુરવાર કરવા માટે આ પુરાવો પુરતો નથી.

**૩૭.** આમ, ભોગબનનારની જુબાની જોવામાં આવે તો તેણીએ આરોપીને બોલાવેલ અને તેઓ ભાગીને બલદોઈ ગામે ગયેલ હોવાનું જણાઈ આવે છે. ભોગબનનારની જુબાની જોવામાં આવે તો આરોપીએ તેણીની સાથે શરીરસંભોગ કરેલ હોય તેવી કોઈ હકીકત ભોગબનનાર તેમની જુબાનીમાં જણાવતાં નથી. ફરીયાદ પક્ષ ભોગબનનાર સગીર વયની હોવાનું પુરવાર કરી શકેલ ના હોય અને ભોગબનનારનો પુરાવો જોતાં ભોગબનનાર પોતાની મરજીથી આરોપી સાથે ગયેલ હોવાનું જણાતું હોય અને ભોગબનનારને લઈ જવા માટે આરોપીએ ભોગબનનારને લલચાવેલ હોય તેવો કોઈ પુરાવો નીકળી આવતો ના હોય આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું કે ભોગબનનારને લગ્નની લાલચ આપી કે તેણીનું યૌન શોષણ કરવાના ઈરાદે ભોગબનનારનું અપનયન કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૩૮.** દલીલ ખાતર એમ માની લેવામાં આવે કે ભોગબનનાર સગીર વયની જ હતી એટલે કે ફરીયાદ પક્ષના કેસ મુજબ ૧૭ વર્ષ ૫ માસની જ હતી તો પણ ભોગબનનારની ઉંમર જોતાં તે પુખ્ત વયની થવાને આરે હતી. વધુમાં,

ભોગબનનારની જુબાની જોતાં તેણીએ આરોપીને બોલાવેલ હોવાનું જણાઈ આવે છે એટલે કે આરોપીએ ભોગબનનારને તેની સાથે લઈ જવા માટે સમજાવેલ હોય તેમ જણાતું નથી. આ સંજોગોમાં નામદાર સર્વોચ્ચ અદાલતનો AIR 1965 SC 942 ઉપર પ્રસિદ્ધ થયેલ *"S.Varadarajan Versus State of Madras"* નો ચુકાદો ધ્યાને લેવો ઉચિત જણાય છે.

**૩૯.** નામદાર સર્વોચ્ચ અદાલતે *S. Varadarajan Versus State of Madras (supra)* ના ચુકાદામાં નોંધેલ છે કે**,**

> 7. The question whether a minor can abandon the guardianship of his or her own guardian and it so the further question whether Savitri could, in acting as she did, be said to have abandoned her father's guardianship may perhaps not be very easy to answer. Fortunately, however, it is not necessary for us to answer either of them upon the view which we take on the other question raised before us and that is that "taking" of Savitri out of the keeping of her father has not been established. 'The offence of "kidnapping from lawful guardianship" is defined this in the first paragraph of sec. 361 of the Indian Penal Code:
>
> "Whoever takes or entices any minor under sixteen years of age if a male, or under eighteen years of age if a female, or any person of unsound mind, out of the keeping of the lawful guardian of such minor or person of unsound mind, without the consent of such guardian is said to kidnap such minor or person from lawful guardianship."
>
> It will thus be seen that taking or enticing away a minor out of the keeping of a lawful guardian is an essential ingredient of the offence of kidnapping. Here, we are not concerned with enticement but what we have to find out is whether the part played by the appellant amounts to "taking" out of the keeping of the lawful guardian of Savitri. We have no doubt that though Savitri had been left by S. Natarajan at the house of his relative K. Natarajan she still continued to be in the lawful keeping of the former but then the question remains as to what is it which the appellant did that constitutes in law "taking". There is not a word in the deposition of Savitri from which an inference could be drawn that she left the house of K. Natarajan at the instance or even a suggestion of the appellant. In fact she candidly admits that on the morning of October 1st, she herself telephoned to the appellant to meet her in his car at a certain place, went up to that place and finding him waiting in the car got into that car of her own accord. No doubt, she says that she did not tell the appellant where to go and that it was the appellant himself who drove the car to Guindy and then to Mylapore and other places. Further, Savitri has stated that

she had decided to marry the appellant. There is no suggestion that the appellant took her to the Sub-Registrar's office and got the agreement of marriage registered there (thinking that this was sufficient in law to make them man and wife) by force or blandishments or anything like that. On the other hand the evidence of the girl leaves no doubt that the insistence of marriage came from her side. The appellant, by complying with her wishes can by no stretch of imagination be said to have taken her out of the keeping of her lawful guardian. After the registration of the agreement both the appellant and Savitri lived as man and wife and visited different places. There is no suggestion in Savitri's evidence, who, it may be mentioned had attained the age of discretion and was on the verge of attaining majority that she was made by the appellant to accompany him by administering any threat to her or by any blandishments. The fact of her accompany him the appellant all along is quite consistent with Savitri's own desire to be the wife of the appellant in which the desire of accompanying him wherever he went was of course implicit. In these circumstances we find nothing from which an inference could be drawn that the appellant had been guilty of taking away Savitri out of the keeping of her father. She willingly accompanied him and the law did not cast upon him the duty of taking her back to her father's house or even of telling her not to accompany him. She was not a child of tender years who was unable to think for herself but, as already stated, was on the verge of attaining majority and was capable of knowing what was good and what was bad for her. ...........

9. It must, however, be borne in mind that there is a distinction between "taking" and allowing a minor to accompany a person. The two expressions are not synonymous though we would like to guard ourselves from laying down that in no conceivable circumstances can the two be regarded as meaning the same thing for the purposes of sec. 361 of the Indian Penal Code. We would limit ourselves to a case like the present where the minor alleged to have been taken by the accused person left her father's protection knowing and having capacity to know the full import of what she was doing voluntarily joins the accused person. In such a case we do not think that the accused can be said to have taken her away from the keeping her lawful guardian. Something more has to be shown in a case of this kind and that is some kind of inducement held out by the accused person or an active participation by him in the formation of the intention of the minor to leave the house of the guardian.

10. It would, however, be sufficient if the prosecution establishes that though immediately prior to the minor leaving the father's protection no active part was played by the accused, he had at some earlier stage solicited or persuaded the minor to do so. In our opinion, if evidence to establish one of those things is lacking it would not be legitimate to infer that the accused is guilty of taking the mirror out of the keeping of the lawful guardian merely because after she has actually left her guardian's house or a house where her guardian had kept her,

> joined the accused and the accused helped her in her design not to return to her guardian's house by taking her along with him from place to place. No doubt, the part played by the accused could be regarded as facilitating the fulfillment of the intention of the girl. That part, in our opinion, falls short of an inducement to the manor to slip out of the keeping of her lawful guardian and is, therefore, not tantamount to "taking".

આમ, નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના આ ચુકાદામાં ઠરાવેલ છે કે, ભોગબનનાર પુખ્ત વયની નજીકની ઉંમરની હોય તે પોતાનું સારૂ નરસુ સમજી શકે છે અને તે જાતે આરોપી પાસે ગયેલી હોય અને આરોપીએ તેની પાસે આવવા ભોગબનનારને લલચાવી ના હોય કે કાંઈ જણાવેલ ના હોય ત્યારે, આરોપીએ ભોગબનનારને સવલત આપેલી હોય તેટલા માત્રથી આરોપી ભોગબનનારને લઈ ગયેલ છે તેમ કહી આરોપીએ ભારતીય દંડ સંહિતાની કલમ–૩૬૧ મુજબનો ગુનો બનેલ છે તેમ કહી શકાય નહીં.

**૪૦.** આમ, ભોગબનનાર સગીર વયની હોવાનું માની લેવામાં આવે તો પણ ભોગબનનારે આરોપીને બોલાવેલ હોય અને તેની સાથે બલદોઈ ગામે ગયેલી હોય ત્યારે નામદાર સર્વોચ્ચ અદાલતે તેમના ઉપરોકત ચુકાદામાં ઠરાવ્યા મુજબ આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલ હોવાનું કહી શકાય નહીં.

**૪૧.** આમ, આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલાનું પુરવાર થઈ શકતું નથી કે આરોપીએ ભોગબનનારને લાલચ આપી કે ફોસલાવીને લઈ ગયેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૨.** ભોગબનનાર તેમની જુબાનીમાં આરોપીએ તેમની સાથે શરીરસંબંધ બાંધેલ હોય તેવી કોઈ હકીકત જણાવતાં નથી અને તેથી ભોગબનનારે શરીરસંભોગ કરેલ હોવાનું જણાતું નથી. ભોગબનનાર તેમની જુબાનીમાં તે અને આરોપી પતિ–પત્ની તરીકે રહેતા હોવાનું જણાવે છે. ભોગબનનાર આરોપી પક્ષે કરવામાં આવેલી ઉલટતપાસમાં જણાવે છે કે મા–બાપને પુછીને ભવિષ્યમાં લગ્ન કરવાની ગણતરીએ ત્યાં રહેતા હતાં. ભોગબનનારની આ જુબાની જોતાં ભોગબનનાર અને આરોપી પતિ–પત્ની તરીકે રહેતા

આરોપીએ ભોગબનનાર સાથે શારીરીક સંભોગ કરેલ હોવાનું અનુમાના કરી શકાય નહીં. વધુમાં, ભોગબનનારે વિ. જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ રૂબરૂ લખાવેલ આંક–૧૫ના નિવેદનમાં પણ આવી કોઈ હકીકત લખાવેલી નથી. ડોકટર સમક્ષની હીસ્ટ્રીએ માત્ર સમર્થનકારક પુરાવો હોય અને ભોગબનનારની જુબાનીમાં આરોપીએ ભોગબનનાર સાથે શરીરસંભોગ કરેલ હોવાનું જણાવેલ ના હોય આરોપીએ ભોગબનનાર સાથે બાળાત્કાર કરેલ હોવાનું પ્રવેશ જાતીય હુમલો કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૩.** ફરીયાદ પક્ષના સાહેદ, પોલીસ સ્ટેશન ઓફીસર, વિનોદકુમાર અરવિંદસિંહ પટેલ (PW-12, Exh-65) ની જુબાની મુજબ એ.કે.કલાસવા, પી.આઇ. રૂબરૂની ફરીયાદ તેમની તરફ ગુનો રજીસ્ટર થવા આવતા આરોપી વિરૂધ્ધ મોરવા(હ) પો.સ્ટે. ના ગુ.ર.નં. ૬૩૫/૨૫, બી.એન.એસ.ની કલમ ૧૩૭(૨), ૮૭ તથા પોકસો એકટની કલમ ૧૨ મુજબનો ગુનો નોંધી લઇ સુચિપત્ર તૈયાર કરી આગળની તપાસ એ.કે.કલાસવા, પી.આઇ. તરફ મોકલી આપેલ તથા સરકારી પંચો ફાળવવા તાલુકા વિકાસ અધિકારીશ્રી, મોરવા(હ)નાઓને યાદી કરેલ. આમ, આ સાહેદની જુબાની જોતાં તેમને માત્ર ગુનો નોંધી સુચિપત્ર તૈયાર કરેલ છે અને પંચો ફાળવવા યાદી કરેલ છે અને તેથી તેમના પુરાવાની કોઇ વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી નથી.

**૪૪.** ફરીયાદ પક્ષના સાહેદ, તપાસ કરનાર અમલદાર, અશોકકુમાર કનુભાઇ કલાસવા (PW-14, Exh-73) ની જુબાની મુજબ ફરીયાદીએ તેમના રૂબરૂ આવી ફરીયાદ આપતા ફરીયાદીના લખાવ્યા મુજબની ફરીયાદ લખી લીધેલ અને ગુનો રજીસ્ટર કરવા પી.એસ.ઓ. તરફ મોકલેલ અને પી.એસ.ઓ.એ. ગુનો નોંધી આગળની તપાસ તેઓએ સંભાળેલ અને ભોગબનનારના માતા,કાકાનુ નિવેદન નોંધેલ, ફરીયાદીએ બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, ત.ક.મંત્રી શ્રીને જન્મ અંગેના પુરાવા આપવા યાદી કરેલ, ભોગબનનારના માતા પિતા તથા સગાઓ ભોગબનનાર તથા આરોપી સંદીપને પો.સ્ટે. લાવી રજુ કરતા તેઓનો હવાલો સંભાળી ભોગબનનાર અને આરોપીનુ નિવેદન નોંધેલ,

આરોપી સંદીપની અટક કરેલ, આરોપીએ બનાવ સમયે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે કરેલ, આરોપી તથા ભોગબનનારની મેડીકલ તપાસણી કરાવેલ, આરોપી દીલીપભાઈ લાલાભાઈ ડામોરનુ શરીર સ્થિતિનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, ભારે ગુનાનો  તથા કલમ ઉમેરાનો રીપોર્ટ કરેલ,  ભોગબનનારનું બી.એન.એસ.એસ.ની કલમ ૧૮૩ મુજબનુ નિવેદન લેવડાવવા મોરવા કોર્ટને યાદી કરેલ,  આરોપી તથા આરોપીના પિતાના નિવેદન નોંધેલ, સરકારી પંચો ફાળવવા યાદી કરેલ, ભોગબનનારે બનાવ સમયે પહેરેલ કપડા પંચોની હાજરીમાં કબજે કરેલ, સરકારી વાહનમાં જવા અંગે પોલીસ અધિક્ષકની મંજુરી મેળવેલ,ભોગબનનારે બતાવેલ ગુનાવાળી જગ્યાનું પંચનામું પંચોની હાજરીમાં કરેલ, મુદ્દામાલ એફ.એસ.એલ. માટે રવાનગી યાદી તૈયાર કરવા કાર્યવાહી કરેલ, પી.એસ.આઇને ગુનાવાળી જગ્યાનું પંચનામુ કરવા હુકમ કરેલ, તપાસના કાગળો વંચાણે લઈ આરોપીઓ વિરૂધ્ધ પુરતો પુરાવો મળી આવતા ચાર્જશીટ દાખલ કરેલ. આ સાહેદની જુબાની જોવામાં આવે તો તેમને આ ગુનાની તપાસ કરેલી છે અને તેઓ બનાવના નજરે જોનાર સાહેદ ના હોય બનાવની હકીકતો ઉપર પ્રકાશ પાડી શકે તેમ ના હોય તેમની જુબાનીની વિસ્તૃત ચર્ચા કરવામાં આવેલી છે.

**૪૫.** ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આરોપીએ ભોગબનનારને ફોન આપેલ હોય તેવો પણ કોઈ પુરાવો નીકળી આવતો નથી અને આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાઓથી ફોન ઉપર વાતો કરેલી હોય તેવો પણ કોઈ પુરાવો નીકળી આવેલો નથી. જેથી, આરોપીએ ભોગબનનાર સાથે જાતીય ઈરાદાઓથી ફોન ઉપર વાતો કરેલ હોવાનું પુરવાર થઈ શકતું નથી.

**૪૬.** આમ, ફરીયાદ પક્ષનો સમગ્ર પુરાવો જોવામાં આવે તો આવે તો આરોપીએ ભોગબનનારનું અપહરણ કરેલાનું કે તેણીની સાથે શરીરસંબંધ બાંધેલાનું પુરવાર થઈ શકતું નથી. આમ, ફરીયાદ પક્ષ એ નિ:શંકપણે પુરવાર કરી શકેલ નથી કે, આરોપી નં. ૧ નાએ તા. ૨૯/૫/૨૫ પહેલા જાતિય ઇરાદાઓથી ભોગબનનારને મોબાઇલ ફોન આપી તથા ભોગબનનાર

સાથે ફોન ઉપર વાતચીત કરી તેમજ આરોપીઓએ એકબીજાની મદદગારીથી તા. ૨૯/૫/૨૫ ના રાત્રીના બારેક કલાકે ફરીયાદીની સગીર વયની દીકરી ભોગબનનાર ઉ.વ.–૧૭ વર્ષ, ૫ માસને મોજે સાગવાડા ગામેથી પટાવી, ફોસલાવી, લગ્ન કરવાની લાલચ આપી તથા શારીરીક શોષણ કરવાના ઈરાદે તેણીના વાલીની સંમતિ વગર ભોગબનનારને મોટરસાયકલ ઉપર બેસાડી સાગાવાડાથી સંતરામપુર બસ સ્ટેન્ડ સુધી લઈ જઈ ત્યારબાદ આરોપી નં. ૧ નાએ સંતરામપુર થી રાજકોટ તથા ભાવગનર નજીક બળદોઇ ગામે લઈ જઈ આરોપી નં. ૧ નાએ ભોગબનનાર સાથે અવાર નવાર શારીરીક સંભોગ કરી તથા ફરીયાદ આપી તે અગાઉ પણ ભોગબનનાર સાથે સાગવડા ગામે ભોગબનનારના ઘર નજીક આવેલ રોડ ઉપર અવાર નવાર શારીરીક સંભોગ કરી ભારતીય ન્યાય સંહીતાની કલમ ૧૩૭(૨), ૮૪, ૬૪(૨)(એમ), ૫૪ તથા ધી પોકસો એકટની કલમ ૪, ૬, ૧૨ અને ૧૭ મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે. જેથી, મુદ્દા નં. ૨ અને ૩નો જવાબ 'નકારમાં' આપવામાં આવેલ છે.

**મુદ્દા નં. ૪ ::–**

**૪૭.** મુદ્દા નં. ૧ થી ૩ના નિર્ણયને આધિન મુદ્દા નં. ૪ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

## –:: આખરી હુકમ ::–

૧. આરોપી (૧) સંદીપભાઇ કાન્તીભાઇ જાતે ડામોર તથા (૨) દીલીપભાઇ લાલાભાઇ જાતે ડામોર, બંને રહે.ડોળી, ઝાલા ફળિયું, તા. સંતરામપુર, જિ. મહીસાગરનાઓને ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ –૨૫૮(૧) અન્વયે ભારતીય ન્યાય સંહિતાની કલમ ૧૩૭(૨), ૮૭, ૬૪(૨)(એમ), ૫૪ તથા પોકસો એકટની કલમ–૪, ૬, ૧૨, ૧૭ મુજબના શિક્ષાપાત્ર ગુનામાં શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. આ ગુનાના કામે કબજે લેવાયેલ મુદ્દામાલ કપડાનો અપીલ સમય વિત્યે નાશ કરવો.

૩. દરેક આરોપીએ ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૧ ની જોગવાઇ અન્વયે રૂા. ૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) ના જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા રજુ રાખવા.

હુકમ આજરોજ તા.બીજી માહે–એપ્રીલ, સને–૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં સહી કરી, વાંચી સંભળાવી જાહેર કર્યો.

તા.૦૨/૦૪/૨૦૨૬
ગોધરા.

(રાકેશ જે. પટેલ )
સ્પે. જજ (પોકસો) અને
ચોથા એડી.સેશન્સ જજ,
પંચમહાલ, મુ.ગોધરા.
UID No.GJ 00833